Saarth E-Journal

Saarth

E-Journal of Research

E-mail: sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO: 2395-339X
Peer Reviewed
Vol.1, Issue.1 No.19

Impact Factor: 6.89
Quarterly
Oct. to Dec. - 2015

# ૧૮મા સૈકાનો સુરતનો કરોડપતિ બ્રાહ્મણ શરાફ ત્રવાડી શ્રીકૃષ્ણ અર્જુનજી નાથજી

*પ્રા.સુર્યકાંત ડાહ્યાભાઈ નકુમ

## પ્રસ્તાવના :

સામાન્ય રીતે ૧૮મા સૈકાને હિંદ અને ગુજરાતના નિસ્તેજયુગ તરીકે ગણવામાં આવે છે. પરંતુ એમ. એસ. કોમિસેરિયેટ અને આસિનદાસ ગુપ્તા જેવા ઈતિહાસકારોએ તેમના સંશોધનો દ્વારા પૂરવાર કર્યું છે કે, રાજકીય દ્દષ્ટિએ ૧૮મો સૈકો કટોકટીભર્યો હોવા છતાં લોકસાહિત્ય તેમજ આર્થિક પ્રવૃતિની દ્દષ્ટિએ આ સમય ઉજ્જ્વલ હતો. ઉ.દા. તરીકે ક્ષેમવર્ધન જેવા જૈન કવિઓ તેમજ શામળ ભટ્ટ જેવા હિંદુ કવિઓ ૧૮મા સૈકામાં જ થઈ ગયા હતા.

(*પ્રા.સુર્યકાંત ડાહ્યાભાઈ નકુમ, વ્યાખ્યાતા-ઈતિહાસ આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, બોરસદ, જિ.-આણંદ)

ISSN: 2395-339X
Volume: 1 Issue: 1 Oct. To Dec. 2015

અમદાવાદના ક્ષેમવર્ધને જૈન નગરશેઠો અને મહાજનો વિશે કાવ્યો રચ્યા હતા અને શામળ ભટ્ટે ઈ.સ.૧૭૨૫મા 'રૂસ્તમ ફૂલીનો શલોકો'રચ્યો હતો. તે જ પ્રમાણે ૧૮મા સૈકામાં અમદાવાદમાં ખુશાલચંદ અને વખતચંદ જેવા વ્યાપારીઓ અને સુરતમાં ત્રવાડી શ્રીકૃષ્ણ અર્જુનજી નાથજી જેવા વ્યાપારીઓ થઈ ગયા હતા. આ દ્રષ્ટિએ પ્રસ્તુત લેખ મહત્વનો છે. તે એવી ચિલાચાલુ માન્યતાને પડકારે છે કે, ૧૮મા સૈકાનું સુરત નિસ્તેજ હતું. આ ભૂમિકાને આધારે હવે આપણે ત્રવાડીની પેઢીનું વર્ણન અને વિશ્લેષણ કરીશું.

## અર્જુનજી નાથજી ત્રવાડી (ઈ.સ.૧૬૮૦-ઈ.સ.૧૭૬૦)

સુરતના શ્રીકૃષ્ણ ત્રવાડીના પિતા અર્જુનજી નાથજી ત્રવાડી મૂળ બનારસના નાગર બ્રાહ્મણ હતા. નાગરી નાત તેની મુત્સદ્દીગીરી અને શૈક્ષણિક સિદ્ધિઓ માટે જાણીતી છે. પણ અર્જુનજી ત્રવાડી બનારસમાં જ નાનાં પાયાનો શરાફ હતો. તેણે સુરતની જાહોજલાલીનો લાભ લેવા ઈ.સ. ૧૭૨૦ની આસપાસ સુરતમાં સ્થળાંતર કર્યું. અલબત્ત, આ સમયે સુરતનો વ્યાપાર નિસ્તેજ થયો હતો પરંતુ તેનો અર્થ એ નથી કે, બેંકિંગ અને શરાફીની દ્રષ્ટિએ સુરત અને અમદાવાદ જેવા નગરો હૈદરલી,ટીપૂ સુલતાન, શીખો અને જાટો રાજકીય સતા માટે પરસ્પર યુદ્ધો આદરી રહ્યાં હતાં. ત્યારે તેવા સંજોગોમાં આ રાજવીઓને 'વોરફિનાન્સ' (યુદ્ધકીય લોન) કરીને અર્જુનજી નાથેજી કરોડો રૂપિયા કમાયો હતો. અર્જુનજીના વ્યાપારનો ફલક  હતો. વડોદરા, મુંબઈ, જુનાગઢ, કલકતા, મુર્શિદાબાદ, મદ્રાસ, લખનૌ, બનારસ, આગ્રા, ઈંદોર, જયપુરઅને ઉજ્જૈનમાં અર્જુનજીની બેંકિંગ પેઢીની શાખાઓ હતી. મહારાષ્ટ્ર સ્ટેટ આર્કાઈવ્ઝમાં સચવાયેલા અનેક દસ્તાવેજો બતાવે છે કે, અર્જુનજી નાથજી નામા પદ્ધતિનો નિષ્ણાત હતો અને તે માત્ર રાજાઓને જ નહિં પણ વ્યાપારીઓ,જમીનદારો અને ખેડૂતોને પણ નાણાં ધીરતો.૫ વળી, તે રાજકારણ અને રાજકીય

ISSN: 2395-339X
Volume: 1 Issue: 1 Oct. To Dec. 2015

ઘટનાનો સારો પરિક્ષક હતો. ઉ.દા. તરીકે ઈ.સ. ૧૭૩૮મા જ્યારે કંપનીના નોકરોએ તેની પાસે મુર્શિદાબાદની શાખા માટે હૂંડી લખી આપવાનું જણાવ્યું ત્યારે અર્જુનજીએ તેમને સલાહ આપી કે, ઈરાનનો રાજા નાદિરશાહ દિલ્હી ઉપર ત્રાટકવાનો હોવાથી નાણાંની લેવડ-દેવડ કરવી નહિં. આ પ્રસંગ ઉપરથી એ પણ ફલિત થાય છે કે, બ્રિટીશયુગ દરમિયાન ૧૯મા સૈકામાં વિકસેલા રેલ્વે અને ટેલિગ્રાફ પહેલા આ કાળમાં અર્જુનજીની પેઢી રાજકીય બાબતોથી માહિતગાર હતી. યુદ્ધો દરમિયાન વ્યાજના દર એક્દમ વધી જતા તે સમયે અર્જુનજી ઘણીવાર સમયસૂચકતા વાપરીને રાજાઓને નાણાં ધીરતો અને તેના બદલામાં મોટી-મોટી જમીનો અને જાગીરો લખાવી લઈને તે પોતાને હસ્તક કરી લેતો. આમ, અર્જુનજી નાથેજી ત્રવાડી ૧૮મા સૈકાના પૂર્વાર્ધનો એક કરોડપતી બ્રાહ્મણ શરાફ હતો.

## શ્રીકૃષ્ણ અર્જુનજી ત્રવાડી : (ઈ.સ.૧૭૫૦-ઈ.સ.૧૮૨૨)

અર્જુનજી નાથજીનો પૂત્ર અને વારસદાર પણ પિતાની જેમ વિચક્ષણ અને કાબેલ શરાફ હતો.તેના સમયમાં સુરતની કોઠીના અંગ્રેજો નવાબોની તાનાશાહી અને જોહૂકમી સામે લડી રહ્યા હતાં. ઈ.સ. ૧૭૫૯મા અંગ્રેજોએસુરતના કિલ્લા અને ટંકશાળ ઉપર તેમનું પ્રભુત્વ જમાવી દીધું.આમછતાં,નવાબો સ્વતંત્ર હતા અને બીજીતરફ અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચેનો સંઘર્ષ વધી રહ્યો હતો.યુદ્ધની બાજીમાં કોણ જીતશે અને કોણ હારશે તે કળવું મુશ્કેલ હતું. પરંતુ શ્રીકૃષ્ણ તેની દીર્ઘદૃષ્ટિથી જોઈ શક્યો કે, અંગ્રેજો વધારે બળવાન થતા જાય છે અને મરાઠાઓ તથા નવાબો સામેના યુદ્ધો અને લડાઈ દરમિયાન અંગ્રેજોને નાણાં ધીરવામાં જ માલ છે.આવા કારણોસર શ્રીકૃષ્ણ પેશ્વાઓને નાણાં ધિરવાને બદલે ઈસ્ટ ઈંડિયા કંપનીને જ નાણાં ધીરતો.આ રીતે અર્જુનજી નાથજી કરતાં અનેકગણું ધન તેના પૂત્ર શ્રીકૃષ્ણે પેદા કર્યું અને તે કરોડાધિપતિ તરીકે પંકાયો. ઈંગ્લેંડમાં

ISSN: 2395-339X
Volume: 1 Issue: 1 Oct. To Dec. 2015

રોથ્સચાઈલ્ડ નામનો અબજોપતિ બેંકર થઈ ગયો. શ્રીકૃષ્ણની સરખામણી તે સમયના અંગ્રેજોએ, 'હિંદના રોથ્સચાઈલ્ડ' તરીકે કરી છે.

ઉપર જણાવ્યું છે તેમ, શ્રીકૃષ્ણ અંગ્રેજોને જ મદદ કરતો.આમછતાં તેણે મુંબઈના ગવર્નર જોનાથન ડંકનની સલાહથી ઈ.સ.૧૮૦૪મા અંગ્રેજોના મિત્ર આનંદરાવ ગાયકવાડને ૨૪ લાખ રૂપિયાની જંગી લોન આપી હતી. તે અંગેના દસ્તાવેજો થયા જેમાં ગાયકવાડ સરકાર વતી આનંદરાવ અને કંપની વતી જોનાથન ડંકન અને શ્રીકૃષ્ણે સહી-સિક્કા કર્યા. જોનાથન ડંકને આ સમયે શ્રીકૃષણની કદર કરીને ગાયકવાડ સરકાર પાસેથી તેને ટીંબા પરગણાનું સેવની ગામ બક્ષિસ અપાવ્યું. શ્રીકૃષ્ણે એ ગામની જાગીરની ઉપજમાંથી ૧૮મા સૈકાના ઉતરાર્ધ માં સુરત ખાતે બાલાજીનું ભવ્યમંદિર બંધાવ્યું હતું. જે આજે હયાત છે. અત્યંત રસપ્રદ બાબત એ છે કે, ઈ.સ.૧૯૦૭મા લોકમાન્ય તિલક અને ગોખલે જેવા જહાલવાદી અને મવાળવાદી નેતાઓના નેતૃત્વમાં હિંદી રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન જ્યારે સુરતમાં ભરાયું ત્યારે બાલાજીના મંદિર પાસે આવેલા ટેકરા પાસે તિલકે જોરદાર પ્રવચનો કર્યા હતા. ઘણાં કોંગ્રેસીઓ તો શ્રીકૃષ્ણ ત્રવાડીએ બાંધેલા આમંદિરની ધર્મશાળામાં રહ્યા હતા.

શ્રીકૃષ્ણ ત્રવાડી અને કંપની વચ્ચેના સંબંધો મીઠા હતા. પરંતુ કંપની જેમ-જેમ સતાધીશ થતી ગઈ તેમતેમ શ્રીકૃષ્ણનું મહત્વ ઓછું થતું ગયું. છેવટે તો કંપનીનો મૂળભુત હેતુ વ્યાપરનો નહીં પણ રાજકીય કટોકટીનો લાભ લઈને સતા પ્રાપ્તિનો હતો. આવા સંજોગોમાં ઈ.સ.૧૮૧૮મા કંપનીનું શાસન સમગ્ર ગુજરાતમાં ફેલાઈ ગયું. શ્રીકૃષ્ણ અને તેના જેવા ૧૮મા સૈકાના શરાફો બાહોશ ખરા, પણ તેમને ખબર ના પડીકે, ચતુર અને મુત્સદી અંગ્રેજો તેમનો જ ઉપયોગ શતરંજના પ્યાદા તરીકે કરીને ગુજરાતના ધણી બની જવાના છે. અંગ્રેજો સર્વસતાધીશ બનતાં

ISSN: 2395-339X
Volume: 1 Issue: 1 Oct. To Dec. 2015

યુદ્ધો ખતમ થઈ ગયાં અને તેની સાથે શ્રીકૃષ્ણની યુદ્ધકીય લોનો' નો પણ અંત આવ્યો. તેની જાહોજલાલી અદ્રશ્ય થઈ ગઈ. તેની પેઢી વધારેને વધારે નિસ્તેજ થતી ગઈ અને આ દશામાં શ્રીકૃષ્ણ ત્રવાડી સુરતમાં જ ઈ.સ. ૧૮૨૨ માં મૃત્યુ પામ્યો.

શ્રીકૃષ્ણના મૃત્યુ બાદ કુટુંબમાં મિલ્કત સંબંધી અનેક ઝઘડાઓ થયા. શ્રીકૃષ્ણને પૂત્ર ન હતો. તેથી શ્રીકૃષ્ણે મણિકિશન દૂબે નામના એક બાળકને દતક લીધો હતો. આવા સંજોગોમાં શ્રીકૃષ્ણની પત્ની રાણીવહૂ અને મણિકિશન દૂબે વચ્ચે મિલ્કત માટે ભયાનક ઝગડાઓ થયાં. એક સમયના કરોડપતિની પત્ની રાણી વહૂ એ છેવટે ઈ.સ.૧૮૩૭ માં મુંબઈ સરકારને અરજી કરીકે, "મારા પતિ શ્રીકૃષ્ણે અને સસરા અર્જુનજીએ આપ નામદારની તન-મન અને ધનથી સેવા કરી છે. પણ હું તદ્દન નિર્ધન થઈ ગઈ છું, મને કોઈ યોગ્ય વર્ષાસન બાંધી આપો,એવી વિનંતી છે." પણ કંપની સરકારે રાણીવહુની અરજીને માન્ય રાખી નહીં.કવિ નર્મદે રાણીવહુને તેના દુઃખના દિવસોમાં જોઈ હતી અને તેણે ઈ.સ.૧૮૬૬ માં પ્રસિદ્ધ કરેલા ગ્રંથ 'સૂરતની મુખ્તેસરહકીકત'માં રાણી વહુની દરિદ્રતાનું કરૂણ શબ્દચિત્ર દોર્યું છે. આ દુઃખદ પરિસ્થિતિનું બયાન કરતાં ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિકે, 'The Times of India'ના તેમજ 'The Bombay Gazzate' ના તા.૦૬-૦૯-૧૮૮૧ના અંકમાં લખ્યું હતું કે, "ભારતના રોથ્યાઈલ્ડ તરીકે જાણીતા બનેલા ત્રવાડી કુટુંબના વંશજો હાલ કંગાળ હાલતમાં છે."

## સમાપન :

પ્રસ્તુત સંશોધનપત્ર/લેખ પરથી એ વાત ફલિત થાય છે કે, ત્રવાડી પેઢીની ચઢતી-પડતીનો ઈતિહાસ સુરતની ચઢતી-પઢતીનો પણ સાચો ઈતિહાસ છે. એક સમયનું જાહોજલાલી

ISSN: 2395-339X
Volume: 1 Issue: 1 Oct. To Dec. 2015

ભોગવતું સુરત કેવી રીતે પાયમાલ થયું તે ત્રવાડી પેઢીના ઈતિહાસમાંથી જાણવા મળે છે.તેને અંગે કવિ નર્મદે કેટલીક પંક્તિઓ રચી હતી જે નીચે મુજબ છે.

"સુરતનો સમર્થ વેપારી, વીરજી વોરા ગયો, અબ્દુલ ગફુર અને વળી મહંમદ અલી ગયો, ભીમજી પારેખ ગયો, તરવાડી અર્જુનજી ગયો, અને વળી શ્રીકૃષ્ણજી પણ ગયો, હવે સુરતમાં કોણ રહ્યો?"

એ જ પ્રમાણે નર્મદે દુ:ખી હૃદયે સુરતનું શબ્દચિત્ર રજૂ કર્યું છે. જેના દ્વારા પણ ત્રવાડી શ્રીકૃષ્ણની પઢીનો ખ્યાલ આવી શકે છે. "સુરતની ચઢતી-પડતી" નામના કાવ્યમાં નર્મદે લખ્યું,

"આ તે શાં તુ હાલ, સુરત સોનાની મૂરત!

થયા પૂરા બેહાલ,સૂરત તુજ રડતી સુરત!

રે હસી હસીને રડી, ચહડી ચહડી તું બાંકી દીપી કુંદનમાં જડી,પડી રે કથિરે ઝાંખી ચમકતું તુજ રૂપ,

સોળસેં સત્તરસેમાં કિલ્લા કાતી કોટ મચેલા રંગો જેમાં

રંગ રંગ નિશાન,યુરપ વેપારી ધામે બંદર ફુરજા માંહી, ધામધૂમો બહુ જામે દેશ દેશનો માલ,વળી

અહીંના બંદરનો રહે આવે ને જાય,બહાર લક્ષ્મી મંદિરનો

(પણ) ઉપરાઉપરી માર, સુલતાની આસમાની પડવા માંડ્યો ખૂબ,નિશાની બહુ ઘાની અરે સુરત ઓ

તુજ, છું હું સાચો બંદો

ઈલમ જંગ સિપાઈ ગણાઉં છું નવીસંધો

શરીર ઘસાયું તોય,તેટલું મન નથી રે પડી પડી પણ હજી,દીપે તન મન થકી રે... આતે શાં તુ જ

ISSN: 2395-339X
Volume: 1 Issue: 1 Oct. To Dec. 2015

હાલ, સુરત સોનાની મુરત."

## સંદર્ભસૂચિ/પાદટીપ :-


1. M.S. Commissariat, A History of Gujarat with a survey of its monuments and Inscriptions, vol.2 (Orient Longmans,Bombay,1957) p.p. 454-509 ; Ashin Das Gupta,Indian Merchants and The Decline of surat (1700-1750) [Wiesbaden,Germany,1979) pp 1-189.
2. રત્નમણિરાવ ભીમરાવ,ગુજરાતનું પાટનગર અમદાવાદ (૧૯૨૯),પૃ.૭૪૦ ; હરિવલ્લભ રૂ.ભાયાણી (સંપા.),કવિ શામળ ભટ્ટ રચિત રૂસ્તમનો સલોકો (મુંબઈ,૧૯૫૬),પૃ.૫.
3. વધુ વિગત માટે જૂઓમકરંદ મહેતા, મહાજનોની યશગાથા (અમદાવાદ,૧૯૯૪).પ્રસ્તુત પુસ્તકમાં શ્રીકૃષ્ણ અર્જુનજી ત્રવાડી વિશે એક સ્વતંત્ર પ્રકરણ છે.
4. એજન,પૃ.૩૯-૫૦.
5. મહારાષ્ટ્ર સ્ટેટ આર્કાઈવ્ઝ,મુંબઈ,ત્રવાડી શ્રીકૃષ્ણ અર્જુનજી નાથજી સંબંધી હસ્તપ્રતરૂપ ફાઈલો.
6. Maharashtra State Archives,Bombay,surat Factory Diary,vol.32 (1975).
7. Makarandmehtaa,Indian Merchants and Enterpreneurs in Historical perspective (Delhi,1991) pp. 153-170.
8. Ibid.
9. Douglas E.Haynes,Rhetoric and Ritual in colonical India The shaping of a public culture in surat city, 1852-1928 (University of California Press,1991) pp 166-67.

ISSN: 2395-339X
Volume: 1 Issue: 1 Oct. To Dec. 2015

10. કવિ નર્મદાશંકર,'સુરતની ચઢતી-પડતી'શીર્ષક હેઠળનું કાવ્ય.વધુ વિગત માટે જૂઓ ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ,સુરત સોનાની મૂરત (સૂરત,૧૯૫૮)
11. એજન.